# મે નલીયાના પ્રી. જ્યુ. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં

ક્રિ. કેસ નંબર ૦૧–૨૦૧૯

ફરીયાદિઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ–પચાણ બુધા રબારી, રહે, મકડા, તા. માંડવી, જી. કચ્છ

ગુન્હોઃ– ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનો

## ચુકાદો

(૧)સદર કામે આરોપીએ આંક........ની પુરસીસથી સદર કામે ગુનો કબુલ કરે છે, આરોપીઓ ની ગુન્હા કબુલાત તથા ગુન્હાની હકિકત લક્ષમાં લઇએ તો આરોપીઓ પર ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનો આક્ષેપો છે, આરોપીએ રજુ કરેલ ગુના કબુલાત પુરસીસ સબબ આરોપીઓને સજા તથા દંડની જોગવાઇથી વાકેફ કરવામાં આવેલા છે, અને ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તે મતલબની હકિકકત સમજાવવા છતા આરોપીઓએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરીએ છીએ તેવી હકિકત કોર્ટ સમક્ષ જાહેર કરેલી છે, આરોપી તરફથી પ્રથમ ગુનો છે જે બદલ તેઓને પસ્તાવો છે તેવી હકિકત જણાવી ઓછામાં ઓછી સજા થાય તથા દંડ થાય તે રીતે દયા રાખવા અરજ ગુજારેલી છે, આ સંજોગોમાં આરોપીને ગુન્હા બદલનો પસ્તાવો થતો હોય તેવુ જણાઇ આવતુ હોય તેમજ આરોપી સામેના ગુન્હાની ગંભીરતા જોતા નહિવત જણીય છે, સબબ આરોપીએ પ્રથમ વખતનો ગુનો હોવાની તથા દયા રાખવા અરજ ગુજારેલી હોવાની હકિકત લક્ષમાં લઇ આરોપીને વ્યાજબી રકમનો દંડ કરવો હું ન્યાયોચીત માનુ છુ સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૫(૨) અન્વયે આરોપી પચાણ બુધા રબારી, રહે, મકડા, તા. માંડવી, જી. કચ્છનાઓને ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦૦ દંડ પેટે ભરપાઇ કરવા હુકમ ફરમાવવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડની રકમ ન ભરપાઇ કરે તો દિન–૫ ની સાદિ કેદની સજા ભોગવવા હુકમ ફરમાવવા માં આવે છે.

સદર કામે કબજે લીધેલ મુદ્દામાલ સરકાર ખાતે જમા કરાવવાનો આથી હુકમ કરવામાંઆવે છે.

તારીખઃ–૦૧/૦૧/૨૦૧૯

મહેશ એલ. ચોથાણી
પ્રી. જ્યુ. મેજી. ફ.ક. નલીયા
જીજે–૦૧૪૩૮

રૂ. ૧૦૦૦/- દંડ રૂપિયા
પહોંચ નં.
જમા લીધા
તા. ૧-૧-૧૯